
ઓગસ્ટ ૨૦૧૭

કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ



## શ્રીકૃષ્ણ



## સંપાદકીય

બાળમિત્રો,

*ગોવિંદ બોલો હરિ ગોપાલ બોલો......*
*હરે ક્રિષ્ના, હરે ક્રિષ્ના, ક્રિષ્ના ક્રિષ્ના હરે હરે.....*

શ્રાવણ વદ આઠમ એટલે કૃષ્ણ જન્મનો પવિત્ર દિવસ. આજથી લગભગ પાંચ હજાર વર્ષ પૂર્વે આ દિવસે શ્રીકૃષ્ણ ભગવાનનો જન્મ થયો હતો. બાળકૃષ્ણની લીલાથી માંડીને યોગેશ્વર શ્રીકૃષ્ણની ગીતા જગપ્રસિધ્ધ છે.

છતાં એમના વિષે એવી ઘણી અદ્દભૂત વાતો છે જે તમે જાણતા નહીં હો.

તો આવો, એમના જન્મદિન અંગે એમના વિષે નવું નવું જાણીએ અને એમની ભક્તિમાં તરબોળ થઈએ.

-ડિમ્પલભાઈ મહેતા

# શ્રી કૃષ્ણ

## અક્રમ એક્સપ્રેસ


તંત્રી તથા સંપાદકઃ
ડિમ્પલ મહેતા
વર્ષ : ૯, અંક : ૧૨
સળંગ અંક : ૧૦૮
ઓગસ્ટ ૨૦૧૭



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



**Printed & Published by**

**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**Owned by**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

# જ્ઞાનીઓ કહે છે...

નીરુમા : શ્રીકૃષ્ણ ભગવાનનું ચરિત્ર બહુ સુંદર છે. શ્રીકૃષ્ણનું બાળ ચરિત્રથી માંડીને, છેક યોગેશ્વર કૃષ્ણને પારધીનું બાણ વાગ્યું, ત્યાં સુધીનું આખું ચરિત્ર જબરજસ્ત છે. જૈન મહાભારતમાં પણ કૃષ્ણ ભગવાનની સુંદર વાતો છે. એમને વાસુદેવ કહ્યા છે. વાસુદેવ એટલે બહુ પાવરફૂલ. એટલો બધો એમનો પાવર હતો કે તેઓ અડધી પૃથ્વીના રાજા હતા.

કર્મને કૃશ કરે (જીતે) તે કૃષ્ણ. આપણા જીવનમાં બધા કર્મો તો લઈને આવેલા જ હોય છે. પણ જીવનમાં જ્યારે ભયંકર કર્મો આવે છે અને આપણને ફરી વળે ત્યારે એ કર્મો આપણને કૃશ કરી નાંખે છે. એટલે કે આપણને વશ કરી નાંખે છે. જ્યારે શ્રીકૃષ્ણ ભગવાને તો કર્મોને કૃશ કરી નાંખ્યા હતા, એટલે કે કર્મોને જીતી લીધા હતા. માટે જીતેન્દ્રિય હતા.

દીપકભાઈ : શ્રીકૃષ્ણ નૈષ્ઠિક બ્રહ્મચારી ગણાતા. નૈષ્ઠિક બ્રહ્મચર્ય એટલે શું ? નિરંતર નિષ્ઠામાં બ્રહ્મચર્ય. એટલે ભાવ બ્રહ્મચર્ય. આચરણમાં તો ઉદય કર્મ પ્રમાણે ગમે તે બની જાય. એમના ભાવમાં અખંડપણે, નિરંતર પણે બ્રહ્મચર્ય જ વર્તતું હતું. એવા કૃષ્ણ ભગવાન નૈષ્ઠિક બ્રહ્મચારી હતા. આટલી બધી ૧૬,૦૦૦ રાણીઓ હતી તો પણ સદા બ્રહ્મચારી કહેવાયા. આ કેવી રીતે બની શક્યું ? તો કહે કે આત્મામાં રહેવું, બ્રહ્મમાં ચર્યા એ જ છેલ્લામાં છેલ્લું બ્રહ્મચર્ય છે. તેઓ નિરંતર આત્મરૂપ થયા તેથી બ્રહ્મચારી થયા.

નીરુમા : કુરૂક્ષેત્રની ભૂમિ પર શ્રીકૃષ્ણે અર્જુનને આત્માનું જ જ્ઞાન આપ્યું હતું. અને એને પોતાના આત્મ સ્વરૂપની ઓળખાણ કરાવી હતી. ત્યાં સુધી તો અર્જુન શ્રીકૃષ્ણને એક મિત્ર, પોતાના સારથિ, પોતાની પત્નીના ભાઈ, એ જ રૂપે ઓળખતા હતા. ખરી દૃષ્ટિથી ઓળખતા નહોતા. પોતાના વડીલ હતા, પોતાના હિતેચ્છુ હતા તેથી પૂજ્ય ભાવ હતો. પણ અસલ સ્વરૂપ શું છે એની ખબર નહોતી.

એટલે જાતે કૃષ્ણ ભગવાને કહેવું પડ્યું કે, મારું સાચું સ્વરૂપ ઓળખ. હું પરમાત્મા સ્વરૂપે છું, આ દેહ સ્વરૂપે છું જ નહીં. તું આટલા વર્ષથી મારી જોડે રહ્યો તો ય તું મને ઓળખતો નથી.

તેમણે કહ્યું, જ્ઞાની મને પ્રિયમાં પ્રિય છે. જ્ઞાની અને મારામાં તું ફેર ન ગણીશ. જ્ઞાની એ જ મારો આત્મા છે.

આ વાત કેમ ભૂલી જવાય આપણાથી ?

## ભગવાન કૃષ્ણ કોણ છે ?

આજે કૃષ્ણ ભગવાન બે રૂપે ઓળખાય અને પૂજાય છે, બાળકૃષ્ણ અને યોગેશ્વર કૃષ્ણ. કૃષ્ણ ભગવાનને ખરા અર્થમાં એક જ વ્યક્તિ જાણે છે અને તે છે જ્ઞાની પુરુષ, કારણકે તેમની આત્માની જાગૃતિ કૃષ્ણ ભગવાન જેવી જ છે. આવા જ્ઞાની અત્યંત દુર્લભ હોય છે.

ઘણા વિચારે છે કે કૃષ્ણ ભગવાન લડાઈઓ લડ્યા, ઘણા માણસોને મારી નાંખ્યા, તેમને સોળ હજાર રાણીઓ હતી અને તેઓ આરામદાયક અને વૈભવી જીવન જીવ્યા. આવા સંજોગામાં એમને ભગવાન કેમ કહેવાય ? શા માટે આખી દુનિયાના લોકો એમને ભકિતભાવથી પૂજે છે ?


હકીકતમાં ભગવાન (એટલે કે આત્મા) કૃષ્ણ ભગવાનમાં પ્રગટ થયા. બીજા શબ્દોમાં તેઓ આત્મસાક્ષાત્કારી પુરુષ હતા. તેમને આત્માની નિરંતર જાગૃતિ હતી. (નિરંતર જાગૃતિ કે "હું શુદ્ધ આત્મા છું અને શરીર જુદું છે.")

સાંસારિક વ્યવહારમાં ભૌતિક રીતે સંડોવાયેલા હોવા છતાં પણ, તેમને "હું કર્તા નથી" ની જાગૃતિ નિરંતર રહેતી. તેમને ઘણી રાણીઓ હતી અને તેઓ ભવ્ય અને વૈભવી જીવન જીવ્યા છતાં પણ, તેમની નિષ્ઠામાં હંમેશાં બ્રહ્મચર્ય જ હતું માટે તેઓ નૈષ્ઠિક બ્રહ્મચારી કહેવાયા. પોતાના કર્મોથી કોઈ છૂટી શકે નહીં અને પોતાના કર્મોની અસર જાગૃતિ સાથે ભોગવ્યા વિના છૂટકો નથી. એવી આત્મજાગૃતિ સાથે તેઓ જીવ્યા.


Printed at
Amba Offset
Basement, Parshvanath Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

Published at
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.





"આ ગીતા લાખ જણ વાંચશે એમાંથી એક એનો સ્થૂળ અર્થ સમજશે. એવા લાખ સ્થૂળ અર્થ સમજનારાઓમાંથી એકાદ એનો સૂક્ષ્મ અર્થ સમજશે. એવા લાખ સૂક્ષ્મ અર્થ સમજનારાઓમાંથી એકાદ એનો સૂક્ષ્મતર અર્થ સમજશે. અને એવા લાખ સૂક્ષ્મતર અર્થ સમજનારાઓમાંથી એકાદ એનો સૂક્ષ્મતમ અર્થ સમજશે. અને એવો એનો સૂક્ષ્મતમ અર્થ સમજનારો પોતે જ કૃષ્ણ હશે."

# આ તો




યુધ્ધના મેદાનમાં સામે પક્ષે પોતાના સ્વજનોને જોઈને અર્જુન ભાંગી પડ્યો, ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને એને બોધ આપી બેઠો કર્યો. અર્જુનને બેઠા કરવામાં જ આ ગીતા નીકળી. આજે ૫૧૦૦ વર્ષ પછી પણ હજારો લોકોને આ ગીતા બેઠાં કરે છે. લોકો જીવનમાં આવેલા દુ:ખોમાંથી ગીતાનો આધાર લઈ બેઠાં થાય છે. હજારો વર્ષો પછી, જે શબ્દમાં વાંચીને લોકોને બેઠાં કરી દેતી હોય એ ગીતા, પ્રત્યક્ષ જ્યારે શ્રીકૃષ્ણના મુખેથી વહી હશે, ત્યારે એ સાંભળીને અર્જુનને શું નહીં કરી આપ્યું હોય.!!

# નવી જ વાત !





શ્રીકૃષ્ણ ભગવાન, બાવીસમા તીર્થંકર શ્રી નેમિનાથ ભગવાનના કાકાના દીકરા થાય.



શ્રી નેમિનાથ ભગવાન

શ્રીકૃષ્ણ ભગવાનના મધર દેવકી અને એમના મોટા ભાઈ બળદેવ પણ આવતી ચોવીસીમાં તીર્થંકર થવાના છે.


શ્રીકૃષ્ણ ભગવાન
આવતી ચોવીસીમાં
'અમમ' નામે
બારમા તીર્થંકર
થવાના છે.


એક બાજુ કુરુક્ષેત્રમાં
શ્રીકૃષ્ણ અર્જુનને
આત્માનું જ્ઞાન આપતા હતા.
અને બીજી બાજુ
એ વાત સાંભળીને સંજય,
રાજા ધૃતરાષ્ટ્રને
સંભળાવતો હતો.
તો અર્જુનનો આત્મા
જાગી ગયો પણ
સંજય કે ધૃતરાષ્ટ્રમાંથી
કોઈને આત્મજ્ઞાન
થયું નહીં.
માટે **જ્ઞાની પ્રત્યક્ષ**
જોઈએ.


શ્રીકૃષ્ણ ભગવાન વાસુદેવ ભગવાન હતા.
નરમાંથી નારાયણ થયેલા.

# ભાવનું મહત્ત્વ

એક વખત દુર્વાસા ઋષિ વૃંદાવન પધાર્યા. તે વખતે યમુના નદીમાં પૂર આવ્યા હતા. તેથી નદી પાર કરી સામે કાંઠે જવાય એમ ન હતું. તેથી દુર્વાસા મુનિ ત્યાં જ બેઠા.

શ્રીકૃષ્ણને સમાચાર મળતાં એમણે બધી ગોપીઓને ઋષિ માટે ભોજનના થાળ તૈયાર કરવા કહ્યું. ગોપીઓએ જાતજાતના અને ભાતભાતના પકવાન, ફળ ફળાદિ અને સ્વાદિષ્ટ વ્યંજનો બનાવ્યા. થાળ તૈયાર તો થઈ ગયા પણ હવે પેલે પાર જવું કઈ રીતે ? એમાંય દુર્વાસા ઋષિ એમના ગુસ્સા માટે ખૂબ પ્રચલિત હતા. ગોપીઓ ખરેખરી મૂંઝાણી. અંતે તેઓ પોતાની મૂંઝવણ લઈને શ્રીકૃષ્ણ પાસે ગયા.

શ્રીકૃષ્ણે એમને કહ્યું, યમુનાજીને કહેજો કે જો કૃષ્ણ સદા બ્રહ્મચારી હોય તો અમને માર્ગ આપો.


ગોપીઓ યમુના કાંઠે ગઈ અને શ્રકૃષ્ણના કહેવા પ્રમાણે યમુનાજીને વિનંતી કરી.

અને તરત યમુનાજી બે ભાગમાં વહેંચાઈ ગયા. અને એમાં માર્ગ થઈ ગયો.

આ જોઈ બધી ગોપીઓ રાજી રાજી થઈ ગઈ. દુર્વાસા મુનિની આગતા સ્વાગતા કરી એમને થાળ ધરાવ્યા. મુનિએ પણ ભરપેટ ભોજન કર્યું અને ગોપીઓને ખૂબ આશીર્વાદ આપ્યા.

હવે ગોપીઓને પાછા ફરવાનું થયું. વળતી વેળા ફરી પાછી એ જ સમસ્યા. યમુના નદી ફરી બે કાંઠે વહેવા લાગી હતી. એને પાર કરવી કેમ ?

તેઓએ પોતાની સમસ્યા દુર્વાસા ઋષિને કહી.



ઋષિએ કહ્યું, યમુનાજીને કહેજો કે જો દુર્વાસા મુનિ સદા ઉપવાસી હોય તો અમને માર્ગ આપો.

ગોપીઓ એમને વંદન કરી પાછી ફરી. યમુના તટ પર આવી એમણે યમુનાજીને વિનંતી કરી. અને તરત નદીએ માર્ગ આપ્યો.

ગોપીઓ સુખેથી વૃંદાવન પાછી ફરી. પણ એમને એક કૂતુહલ ઉભું થયું. શ્રીકૃષ્ણને તો કેટલી બધી રાણીઓ છે? વળી તેઓ કેટલી બધી ગોપીઓ સાથે સ્નેહ સબંધ ધરાવે છે ? તો તેઓ બ્રહ્મચારી કઈ રીતે કહી શકાય ? અને દુર્વાસા ઋષિએ તો આપણી સામે જ બધા થાળ આરોગ્યા છે. તો તેઓ સદા ઉપવાસી કઈ રીતે ગણાય?

અને મંથન કરતાં તેમને ક્રિયા અનો ભાવનું મહત્વ સમજાયું. આટલી બધી રાણીઓ હોવા છતાં શ્રીકૃષ્ણની નિષ્ઠામાં હંમેશાં બ્રહ્મચર્ય જ હતું માટે તેઓ નૈષ્ઠિક બ્રહ્મચારી કહેવાયા. અને દુર્વાસા ઋષિ આટલું ખાવા છતાં ક્યારેય એ વૃત્તિમાં લુબ્ધ થતા નહોતા.

## શ્રીકૃષ્ણ આવા નિર્લેપ હતા.





# કળિયુગની

એક વખત યુધિષ્ઠિર સિવાયના ચાર પાંડવો ભગવાન શ્રીકૃષ્ણને મળવા માટે ગયા હતા. ચારે પાંડવોએ વિનય સહિત શ્રીકૃષ્ણને પૂછ્યું, "હે પ્રભુ, કળિયુગમાં માણસ કેવી રીતે જીવતો હશે અને કળિયુગમાં કેવી સ્થિતિ પ્રવર્તતી હશે."

આ સાંભળી ભગવાન શ્રીકૃષ્ણે ચારે દિશાઓમાં એક એક બાણ છોડ્યું અને પછી ચારે ભાઈઓને એ બાણ શોધી લાવવા માટે આજ્ઞા કરી.

અર્જુન જે દિશામાં બાણ લેવા ગયો ત્યાં એણે એક વિચિત્ર ઘટના જોઈ.

એક કોયલ મધુર અવાજે ગીતો ગાતી હતી. અર્જુનના પગ થંભી ગયા. એણે કોયલ તરફ જોયુ તો આશ્ચર્યથી આંખો પહોળી થઈ ગઈ. મધુર કંઠે ગીતો ગાનારી કોયલ એક સસલાનું માંસ પણ ખાતી જતી હતી. સસલું દર્દથી કણસતું હતું અને કોયલ ગીત ગાતા ગાતા એનું માંસ ખાતી હતી.

ભીમ જે દિશામાં બાણ લેવા ગયો ત્યાં એને પણ એક કૌતુક જોયું.

એક જગ્યાએ પાંચ કૂવાઓ હતા. ચાર કૂવાઓ પાણીથી ઊભરાતા હતા. આ ચારે કૂવાની બરોબર વચ્ચે પાંચમો કૂવો હતો જે સાવ ખાલી હતો. ભીમને એ ન સમજાયું કે ચાર કૂવાઓ ઊભરાય છે તો વચ્ચેનો પાંચમો કૂવો સાવ ખાલી કેમ છે?



નકુલ જે દિશામાં બાણ લેવા ગયો હતો ત્યાં તેણે એક ગાયને બચ્ચાને જન્મ આપતાં જોઈ. બચ્ચાને જન્મ આપ્યા બાદ ગાય એને ચાટવા લાગી. થોડી વારમાં બચ્ચાના શરીર પરની ગંદકી સાફ થઈ ગઈ. આમ છતાં પણ ગાયે ચાટવાનું ચાલુ જ રાખ્યું. હવે તો નાના બચ્ચાની કોમળ ચામડીમાંથી લોહી નીકળવા લાગ્યુ, તો પણ ગાયે ચાટવાનું ચાલું જ રાખ્યું.

સહદેવ જે દિશામાં બાણ લેવા ગયો ત્યાં એમણે પણ એક આશ્ચર્યજનક ઘટના જોઈ.

કોઈ મોટા પર્વત પરથી શિલા નીચે પડી રહી હતી. નીચે ગબડતી આ શિલા રસ્તામાં આવતા નાના-મોટા પથ્થરો અને વૃક્ષોને ધરાશાયી કરતી તળેટી તરફ આગળ વધી રહી હતી, પણ એક નાનો છોડ વચ્ચે આવ્યો અને શિલા અટકી ગઈ.


ચારે પાંડવોએ પાછા આવીને એમણે જોયેલી ઘટનાની વાત ભગવાન શ્રીકૃષ્ણને કરી અને એનો અર્થ સમજાવવા વિનંતિ કરી.

ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું,

"આ ચારે ઘટના કળિયુગની સ્થિતિ કેવી હશે તે બતાવે છે. સાધુઓ કોયલની જેમ મીઠા અવાજે વાતો કરશે અને સસલા જેવા ભોળા અનુયાયીઓનું દર્દ દૂર કરવાના બહાને એનું શોષણ કરશે. ચાર કૂવાઓ પાણીથી ઊભરાતા હતા છતાં બાજુમાં જ રહેલા કોરા કૂવાને એક ટીપું પાણી આપતાં નહોતા, એમ કળિયુગમાં અમીરોને ત્યાં સંપત્તિની રેલમછેલ હશે પણ એ એક પૈસો પણ આજુબાજુની જરૂરિયાતમંદ વ્યક્તિઓને નહીં આપે. ગાયે એના બચ્ચાને ચાટી ચાટીને ચામડી પણ ઉતરડી નાંખી તેમ કળિયુગમાં મા-બાપ પોતાના સંતાનોને જરૂરથી વધારે લાડ લડાવીને માયકાંગલા કરી નાંખશે અને પોતાના જ સંતાનોને હાનિ પહોંચાડશે. પર્વત પરથી પડતી શિલાની જેમ કળિયુગમાં માણસનું ચરિત્ર પણ સતત નીચે પડતું રહેશે. નીચે પડતા આ ચરીત્રને બીજુ કોઈ નહીં અટકાવી શકે પણ જો માત્ર પ્રભુના આશરા રૂપી કે સત્સંગ રૂપી નાનો છોડ હશે તો એનાથી ચરિત્ર નીચે પડતું અટકી જશે."

**ચારે પાંડવોને કળિયુગમાં કેવી સ્થિતિ હશે તે બરોબર સમજાઈ ગયું.**

# સ્થિતિ





એક વાર અર્જુને કૃષ્ણને પૂછ્યું, "ભગવાન, લોકો કેમ કર્ણને મોટા ભાઈ યુધિષ્ઠિર કરતાં વધારે ઉદાર માને છે ? ગમે તે વ્યક્તિએ તેમની પાસે ગમે તે વસ્તુ માંગી હોય પણ તે બંનેએ ક્યારેય ના નથી પાડી. તો પછી કર્ણને જ કેમ યુધિષ્ઠિર કરતાં વધારે મહાન ગણવામાં આવે છે ?"

ભગવાને હસીને જવાબ આપ્યો, "ચાલ તને બતાવું, એવું કેમ છે?"


બ્રાહ્મણનો વેશ ધારણ કરીને બંને પહેલા યુધિષ્ઠિરના દરબારમાં ગયા અને યજ્ઞ કરવા માટે ચંદનની લાકડીઓ માંગી. રાજાએ તરત જ પોતાના સૈનિકોને રાજ્યમાં જ્યાંથી પણ ચંદનની લાકડીઓ મળે ત્યાંથી શોધીને લાવવા કહ્યું. વરસાદની ઋતુ હોવાથી બધા ઝાડ ભીના થઈ ગયા હતા એટલે સૈનિકો ચંદનની ભીની લાકડીઓ લઈને પાછા આવ્યા. ભીની લાકડીઓથી યજ્ઞ કરવાનું શક્ય નહોતું.

પછી કૃષ્ણ અને અર્જુન કર્ણના દરબારમાં ગયા અને ચંદનની લાકડીઓની માંગણી કરી. કર્ણે થોડો વિચાર કરીને જવાબ આપ્યો, "ઘણા દિવસોથી વરસાદ પડતો હોવાથી ચંદનની સૂકી લાકડીઓ મળવાનું અશક્ય છે. પણ બીજો એક ઉપાય છે. થોડી રાહ જુઓ."

આટલું બોલીને કર્ણ દરબારની ચંદનની બનેલી બારીઓ અને દરવાજાને તોડીને તેના ટુકડા કરવા લાગ્યો. ટુકડા કર્યા પછી તેણે ચંદનની સૂકી લાકડીઓ બંને બ્રાહ્મણોને યજ્ઞ કરવા માટે ભેટમાં આપી. એનો સ્વીકાર કરીને તેઓ ચાલ્યા ગયા.

રસ્તામાં કૃષ્ણે અર્જુનને પૂછ્યું, "અર્જુન, હવે તને બંનેની વચ્ચેનો ફરક સમજાયો? જો આપણે યુધિષ્ઠિર પાસે યજ્ઞ કરવા માટે તેના દરબારની બારીઓ અને દરવાજાની લાકડીઓ માંગી હોત તો તે એક ક્ષણ પણ વિચાર કર્યા વગર આપણને આપી દેત. પણ આવું તે પોતાની જાતે વિચાર કરી ના શક્યો. આપણે તો કર્ણને પણ એવું કરવાનું નહોતું કહ્યું. યુધિષ્ઠિરે આપણી મદદ કરી કારણકે એ તેનો ધર્મ છે. કર્ણે એટલે આપ્યું કારણકે તેને પ્રેમથી આપવું ગમે છે. બંનેની વચ્ચે આ તફાવત છે અને એટલે જ કર્ણને મહાન સમજવામાં આવે છે. તમે જે કંઈ પણ

# અર્જુનની





# મુંઝવણ



કાર્ય કરો એ ઉદારતામાં ત્યારે ખપે છે જ્યારે તેને પ્રેમથી આપવામાં આવે છે."

આપણે જુદા જુદા ધ્યેયથી કામ કરીએ છીએ. જેમ કે, કોઈએ આપણને કરવાનું કહ્યું હોય એટલે અથવા તે આપણી ફરજ હોય માટે અથવા આપણો ધર્મ સમજીને અથવા જેમ કર્ણે કર્યું તેમ પ્રેમથી કામ કરવામાં આનંદ મળતો હોય. આ બધામાં સૌથી ઉત્તમ એ છે કે તમે જે પણ કામ કરો એ પ્રેમથી કરો અને તેનો આનંદ ઉઠાવો.



## જૈન શાસ્ત્રમાં દશ આશ્ચર્ય છે.
## એમાં કૃષ્ણ ભગવાનનું એક મોટું આશ્ચર્ય ગણાય છે.

એક વખત એવું બનેલું, કૃષ્ણ ભગવાનના સમયમાં દ્રૌપદીનું હરણ થઈ ગયું હતું. એ બીજી પૃથ્વી ઉપર.

આપણું આ જંબુદ્વીપનું ભરતક્ષેત્ર કહેવાય. બીજું ઘાતકી ખંડનું ભરતક્ષેત્ર કહેવાય. એવા પાંચ ભરતક્ષેત્ર છે, પાંચ મહાવિદેહ ક્ષેત્ર છે અને પાંચ ઐરાવત ક્ષેત્ર છે. પાંચમાંના બીજા ઘાતકી ખંડના ભરતક્ષેત્રમાં ત્યારે પદ્મનાભ કરીને રાજા હતા. નારદમુનિએ એમની પાસે દ્રૌપદીના રૂપનું સુંદર વર્ણન કર્યું. એથી તેઓ દ્રૌપદી પ્રત્યે મૂર્છિત થઈ ગયા. અને એમણે દેવો પાસે દ્રૌપદીનું હરણ કરાવ્યું.

ત્યાર બાદ એમણે દ્રૌપદી સાથે લગ્ન કરવાની માંગણી કરી. દ્રૌપદી તો સતી હતા, તેથી કોઈ હિસાબે એમણે આ માંગણી સ્વીકારી નહીં. પણ એમણે રાજા પાસે એક મહિનાની મુદત માંગી. કે મને એક મહિનાનો સમય આપો. રાજાએ એમની માંગણી સ્વીકારી.

એ એક મહિના દરમ્યાન દ્રૌપદીએ ઉપવાસ, ભક્તિ, આરાધના કરી. અને કૃષ્ણ ભગવાનને યાદ કર્યા. દેવોને પ્રાર્થના કરી, કે મને આમાંથી બચાવો.

હવે એક પૃથ્વી પરથી બીજી પૃથ્વી પર સદેહે જઈ શકાય નહીં એવો કુદરતનો કાયદો છે. પણ શ્રીકૃષ્ણ ભગવાન પહોંચી શક્યા. અને ત્યાં જઈને રાજા પદ્મનાભ સાથે યુદ્ધ કરી, એમને હરાવીને દ્રૌપદીને પાછી લાવ્યા. પાછા વળતાં એમણે એમનો શંખ ફૂંક્યો.

એ જ કાળમાં, એ જ ક્ષેત્રમાં બીજા વાસુદેવ, કપિલ વાસુદેવ હતા. કૃષ્ણે શંખ ફૂંક્યો ત્યારે તેઓ ત્યાંના તીર્થંકરની સભામાં બેઠાં હતા. એમને આ શંખનો નાદ સંભળાયો. એમણે તરત જ ભગવાનને પૂછ્યું, આ કેવી રીતે શક્ય બન્યું ? મારા જેવો શંખ કોણ ફૂંકે છે ? કારણકે એક ક્ષેત્રમાં, એક સમયે એક જ તીર્થંકર હોય, એક જ વાસુદેવ હોય, એક જ ચક્રવર્તી હોય, બે ચક્રવર્તી ભેગા ના થાય, બે વાસુદેવ ભેગા ના થાય, બે તીર્થંકર ભેગા ના થાય. એવા કુદરતના કાયદાઓ છે. તો આ કેવી રીતે શક્ય બને?

ભગવાને ઉત્તર આપ્યો, આ એક અપવાદ છે. ભરતક્ષેત્રના વાસુદેવ શ્રીકૃષ્ણ અહીં આવી શક્યા છે. એમના જબરજસ્ત બળથી પદ્મનાભ રાજાને એમણે યુદ્ધમાં હરાવી દીધો છે. અને તેઓ અત્યારે શંખ ફૂંકે છે. આ સાંભળી કપિલ વાસુદેવને શ્રીકૃષ્ણને મળવાનું મન થયું. એમણે ભગવાન પાસે એમની ઈચ્છા વ્યક્ત કરી. ભગવાને મંજૂરી આપતાં તેઓ જવા નીકળ્યા. પણ ત્યાં સુધી તો કૃષ્ણ ભગવાન દ્રૌપદીને લઈને ઘણા આગળ નીકળી ગયા હોય છે. સીમાની બહાર જતા રહ્યા હોય છે કે જ્યાં કપિલ વાસુદેવ ન જઈ શકે.

ત્યારે કપિલ વાસુદેવે સામો શંખ વગાડીને કૃષ્ણ વાસુદેવ સાથે શંખથી વાર્તાલાપ કર્યો. જેમ ટેલિફોનથી આપણે વાત કરીએ એવી રીતે શંખથી વાત કરી. એ એમનો શંખ કેવો હશે ? રીતસરની સ્પીચ, ટેલીફોનની જેમ. ટેલીફોનથી જેમ એકબીજા સાથે વાત કરે એમ એમણે બંનેએ વાતો કરી.

કપિલ વાસુદેવે કહ્યું, કે મારે તમને મળવું છે. તમે અહીં આવ્યા અને મને ખબર ના પડી. શ્રીકૃષ્ણે કહ્યું, હું બહુ આગળ નીકળી ગયો છું. પાછું આવવું એ બહુ મુશ્કેલી ભર્યું છે. ઘણો બધો ટાઈમ અને શક્તિ જાય એવી છે. માટે આપણે શંખથી જ મળી લઈએ. એમ કરીને મળીને નીકળી જાય છે પાછા. અને ભરતક્ષેત્રમાં આવી જાય છે.

# એક આશ્ચર્ય



આ એક અધ્યાત્મનું
બહુ મોટું આશ્ચર્ય ગણાય છે.
શંખથી બંને મુલાકાત કરે છે.
અને એક જ ક્ષેત્રમાં બે વાસુદેવ આવી જાય છે.

# ગીતાનો સાર



મહાભારતના મહાન યુદ્ધ પહેલાં કૃષ્ણ ભગવાને અર્જુનને કહ્યું, "અર્જુન, તું મારી સાથે લાંબા કાળથી છે છતાં પણ તું મને ખરા સ્વરૂપે ઓળખતો નથી. જેને તું તારી સામે જુએ છે તે ખરેખર હું નથી. તું જે જુએ છે તે શરીર છે. હું શરીરથી જુદો છું. "હું શુદ્ધાત્મા છું." તું પણ શુદ્ધાત્મા છે. તારા ભાઈઓ, કાકાઓ, ગુરૂઓ અને મિત્રો જેમની સાથે તું હમણાં લડવાનો છે તેઓ પણ શુદ્ધાત્મા છે. આ (લડાઈ) એ તારું કર્મ છે, તેથી તારે એને આત્માની જાગૃતિ સાથે તેને પૂરું કરવું જ રહ્યું. જો તું આત્માની જાગૃતિ સાથે આ લડાઈ લડીશ તો તને કોઈ નવા કર્મો નહીં બંધાય અને તારા બાકીના કર્મો પૂરા થશે અને તારો મોક્ષ થશે."

આમ અર્જુન, કૃષ્ણ ભગવાને આપેલી જાગૃતિમાં રહ્યો. તેણે ઘણા મહાન પુરુષોને મારી નાખ્યા છતાં તેને એક પણ કર્મ બંધાયું નહીં અને તેણે એ જ ભવમાં મોક્ષ મેળવ્યો.
















## ગુરુપૂર્ણિમા દરમિયાન બાળકોએ કરેલ કલ્ચરલ શો અને એક્ઝિબિશન.





Akram Express
August 2017
Year : 9, Issue : 12
Conti. Issue No.: 108

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2015-2017
valid up to 31-12-2017
LPWP Licence No. CPMG/GJ/27/2015
valid up to 31-12-2017
Posted at Adalaj Post office
on 08th of every month

# અને છેલ્લે છેલ્લે...


કૃષ્ણનો રાત્રિના અંધકારમાં જેલમાં જન્મ થયા હતો. જ્યારે એમનો જન્મ થયો ત્યારે બધા ચોકીદારો સહુ ઊંઘી ગયા, સાંકળ તૂટી ગઈ અને દરવાજા જાતે જ ખૂલી ગયા.

એવી જ રીતે જ્યારે કૃષ્ણ (આત્માનું ભાન) આપણામાં જન્મ લે છે કે તરત નેગેટિવીટી રૂપી અંધકાર જતું રહે છે, અહંકાર અને મમતારુપી સાંકળો તૂટી જાય છે અને જાતિ, ધર્મ, સબંધો, કામકાજ રૂપી દીવાલોની જેલના દરવાજા આપોઆપ ખૂલી જાય છે.

અને એ જ જન્માષ્ટમીનું હાર્દ અને મહત્વ છે.



## હેપ્પી જન્માષ્ટમી



અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. AGIA4313 # અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # # હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. AGIA4313 # #. અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨. જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં. ૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો SMS કરવો.
૧) કાચી પાવતી નંબર અથવા ID No., ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - શ્રી ડિમ્પલભાઈ મહેતા દ્વારા અંબા ઑફસેટ - પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.